# ઉનાળું ૨૦૨૫ દરમ્યાન મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ ખાતેના શાકભાજી પાક સંવર્ધનના અખતરાઓનું મોનીટરીંગ

શાકભાજી પાકોના તાંત્રિક કાર્યક્રમ મુજબ ગુજરાત રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્રો તથા પેટા કેન્દ્રો ખાતે જુદા જુદા શાકભાજીમાં પાક સંવર્ધનના અખતરાઓ લેવામાં આવે છે. વિવિધ કેન્દ્રો ખાતે લેવામાં આવેલ અખતરાઓનું સુચારુ આયોજન અને મોનીટરીંગ માટે જુદી જુદી ઋતુમાં ક્રમાનુસાર દરેક કેન્દ્રની જવાબદારી નક્કી કરવામાં આવેલ હોય છે. તે અંતર્ગત મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ ખાતેના ઉનાળું ઋતુમાં લેવામાં આવેલ અખતરાઓના મોનીટરીંગ અર્થે શાકભાજી સંશોધન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ ના ડૉ. વી. એચ. કાછડીયા, સંશોધન વૈજ્ઞાનિક (લસણ-ડુંગળી), ડૉ. કે. બી.આસોદરીયા, સહ સંશોધન વૈજ્ઞાનિક, પ્રો. એસ. આર. જાડેજા , મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ રાજય કક્ષાના ઉનાળું ઋતુના ભીંડા, ચોળી, ગુવાર, દૂધી, કારેલા, કાકડી અને રીંગણ પાકના અખતરાઓનું મોનીટરીંગ કરેલ. સૌ પ્રથમ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) દ્વારા મોનીટરીંગ અર્થે આવેલ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢના વૈજ્ઞાનિકશ્રીઓનું સ્વાગત કરેલ તેમજ કેન્દ્ર ખાતે ઉનાળું ઋતુમાં લેવામાં આવેલ રાજય કક્ષાના શાકભાજી પાકોના અખતરાઓની વિસ્તૃત માહિતી આપેલ. મોનીટરીંગ ટીમમાં આણંદ કેન્દ્રના ડૉ. સી. કે. બોરડ, ડૉ. એન. એ. પટેલ, ડૉ. એમ. એમ. પંડયા અને શ્રી કે. જે. વેકરીયા વગેરે વૈજ્ઞાનિકશ્રીએ ભીંડા પાકના બે, ચોળી, ગુવાર, દૂધી, કારેલા, કાકડી અને રીંગણ પાકના એક આમ કુલ ૮ રાજય કક્ષાના અખતરાઓનું મોનીટરીંગ કરેલ. અંતમાં સર્વે વૈજ્ઞાનકશ્રીઓનો ડૉ.પાર્થ રહેવાર , ડૉ. વિપુલ કાપડીયા તથા ડૉ.હિલય દુધાત દ્વારા મોનટરીંગ કરવા બદલ આભાર માનવમાં આવેલ.











